# જામજોધપુર ખાતે 'આયુષ મેળા'માં ૨૫૦૦થી વધુ નાગરિકોએ લીધો લાભ

જામનગર : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તેમજ નિયામક આયુષની કચેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગર દ્વારા ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જામજોધપુરના શ્રી કડવા પાટીદાર જ્ઞાતિ સેવા સમાજ ખાતે ભવ્ય 'આયુષ મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિઓ એવી આયુર્વેદ અને હોમિયોપેથીનો વ્યાપ વધે અને લોકો કુદરતી સારવાર દ્વારા પોતાની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા હેતુથી આ પ્રજાલક્ષી મેળો યોજાયો હતો.





આ મેળામાં નિઃશુલ્ક નિદાન સારવાર ઉપરાંત પ્રકૃતિ અને નાડી પરીક્ષણ, બાળકો માટે સુવર્ણ પ્રાશન, પંચકર્મ અને અગ્નિકર્મ જેવી વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા બ્લડ પ્રેશર અને સુગરની તપાસ પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, રસોડામાં વપરાતી ઘરગથ્થુ ઔષધિઓનું પ્રદર્શન, આયુર્વેદિક ચાર્ટ પ્રદર્શન અને પર્યાવરણના જતન માટે નિઃશુલ્ક ઔષધ રોપાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મેળા દરમિયાન કુલ ૬૧૦ દર્દીઓએ સારવાર મેળવી હતી, જ્યારે ૨૫૦૦થી વધુ લોકોએ મુલાકાત લઈ આરોગ્યલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગલાભાઈ ગરસર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ કણજારીયા, તાલુકા પંચાયત પ્રમુખ જશુબેન રાઠોડ, નગરપાલિકા પ્રમુખ કંચનબેન ગોસ્વામી, પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા, ભાજપ શહેર પ્રમુખ રવિભાઈ શિહોરા, તાલુકા પ્રમુખ ભાગ્યેશભાઈ માણસુરીયા તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.?સમગ્ર આયુષ મેળાને સફળ બનાવવા જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય હિરેન ઠક્કરના નેતૃત્વમાં વૈદ્ય ફોરમ પરમાર, ભાવેશ બેરા, અંકિતા સોલંકી, જિજ્ઞેશ સોનગરા સહિતના તબીબો અને ફાર્માસિસ્ટની ટીમે જહેમત ઉઠાવી હતી.

# સલાયામાં પાળેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રિની થશે ઉજવણી

સલાયામાં આવેલ પૌરાણિક સ્વયંભૂ પાળેશ્વર મહાદેવ મંદિરે આવનારી મહા શિવરાત્રીના તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ વિવિધ ધાર્મિક ઉત્સવ ઉજવવાનું ભવ્ય આયોજન સમસ્ત હિન્દુ સમાજના સાથ સહકારથી કરવાનું નક્કી કરેલ છે.

આ આયોજન માટે સમસ્ત હિન્દુ સમાજની એક મિટિંગ ભરવામાં આવેલ હતી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજના ભાઈઓ હાજર રહ્યા હતા.જ્યાં શિવરાત્રીના રોજ લઘુરુદ્ર યજ્ઞ,બપોરે સમસ્ત હિન્દુ સમાજનો ફરાળી મહા પ્રસાદ તેમજ સાંજે મહાઆરતી કરવાનું આયોજન થયું હતું.જેમાં હિંદુ સમાજના સાથ સહકારથી આ આયોજન કરવાનું નક્કી થયેલ છે.



તસવીર : આનંદ લાલ-સલાયા

આ આયોજનને સફળ બનાવવા સલાયા લોહાણા મહાજન તેમજ જલારામ સેવા સમિતિના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. આ ધાર્મિક પ્રસંગને રીતે ઉજવવા સલાયા પાળેશ્વર મંદિરના મહંત પ્રવીણગીરી ગૌસ્વામી,લોહાણા મહાજનના ભરતભાઈ લાલ, અરવિંદભાઈ ભાયાણી,વૃજલાલ બથિયા, મનુભાઈ પંચમતિયા,પરેશભાઈ કાનાણી,મુકેશભાઈ તન્ના તથા આગેવાનોના માર્ગદર્શન હેઠળ કામગીરી થઈ રહી છે.

# માનસિક અસ્વસ્થ યુવતીને મહિલા અભયમની ટીમે કબ્જો લઈ પરિવારને સોંપી



જામનગર : જામનગર શહેરમાં માનવતા અને સંવેદનશીલતાનો જીવંત દાખલો જોવા મળ્યો હતો, જ્યારે એક ત્રાહિત વ્યક્તિએ ૧૮૨ મહિલા હેલ્પલાઈન પર ફોન કરી એક માનસિક રીતે અસ્વસ્થ બહેનની હાલત અંગે માહિતી આપી હતી.

ત્રાહિત વ્યક્તિએ જણાવ્યું હતું કે એક બહેન અચાનક તેમના ઘરમાં ઘુસી આવી છે, અને એકલા એકલા બોલતી હતી, તેમજ માનસિક અસ્વસ્થ હોવાથી ભુલા પડલાં હોય તેવું જણાતું હતું. જે બહેનની હાલત જોઈ તેઓ ભયભીત થઈ ગયા હતા, અને તરત ૧૮૧ પર કોલ કરીને મદદ માગી હતી. આથી સ્થળ પર પહોંચેલી ૧૮૧ ની ટીમ, જેમાં કાઉન્સેલર ઈશિતા પરમાર, કોન્સ્ટેબલ તારાબેન ચૌહાણ, પાયલોટ સુરજીતસિંહ વાઘેલા વગેરે દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

૧૮૨ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ત્રાહિત વ્યક્તિનું કાઉન્સેલિંગ કર્યું હતું, અને બહેનને શાંત કરી અને સુરક્ષિત વાતાવરણ આપ્યું હતું. અને તે બહેનના ઘરનું સરનામું મેળવી પરિવાર સુધી પહોંચ્યા હતા. ટીમે બહેનના ઘરે જઈ તેના ભાઈનો સંપર્ક કર્યો હતો. જે ભાઈએ જણાવ્યું કે બહેન માનસિક રીતે અસ્વસ્થ છે, અને અવારનવાર ઘરેથી ચાલીને નીકળી જાય છે.

આથી ૧૮૧ ની ટીમે બહેનના ભાઈને સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું હતું, કે બહેનની યોગ્ય દેખભાળ રાખવી, સારવાર કરાવવી તેમની નૈતિક અને કાયદેસર જવાબદારી છે. ભાઈની મરજી મુજબ બહેનને તેમની સંભાળમાં સોંપવામાં આવી હતી. જેથી પીડિતાના પરિજનોએ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા મોઢેશ્વર માતાજીનો પાટોત્સવ તથા યજ્ઞ યોજાયો

જામનગર : ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારામા મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ માતાજીની પૂજા તેમજ યજ્ઞનું આયોજન કરવામાં આવેલું હતું. આ યજ્ઞમાં રાધિકાબેન પ્રશાંતભાઈ પંડ્યા, પ્રશાંતભાઈ ડો. મહેશભાઈ પંડ્યા પરિવાર દ્વારા પૂજન વિધિ કરવામાં આવેલી હતી. આ યજ્ઞ વિધિ ગોલ્ડ મેડલિસ્ટ વિદ્વાન શાસ્ત્રી જીગરભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવેલી હતી

આ દિવસે જ્ઞાતિની વર્ષ ૨૦૨૬- ૨૭ માટે કાર્યવાહક મંડળની રચના કરવામાં આવી જેની અગાઉ દરેક જ્ઞાતિજનોને વોટ્સએપમાં મેસેજ તેમજ પ્રેસનોટ દ્વારા જાણ કરવામાં આવેલી હતી.



આ પાટોત્સવમાં કિશોરભાઈ જોશી, ભુપેન્દ્રભાઈ.કે.પંડયા, રજનીભાઈ દવે, કિરીટભાઈ પંડ્યા, કિશોરભાઈ એલ ભટ્ટ, નરેન્દ્રભાઈ.ડી.ત્રિવેદી, હેમલભાઈ પંડ્યા, કેયુરભાઈ.એમ.ત્રીવેદીની જ્ઞાતિનાં સભ્યોની હાજરીમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી સાથે કમીટી મેમ્બર તરીકે નિશીથ એસ.જોષી, જગદીશભાઈ જાની,જે.ડી.દવે નીયુક્ત કરવામાં આવેલ છે. આ યજ્ઞમાં પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન કોર્પોરેટર વોર્ડ નં ૩ સુભાષભાઈ જોશી, તેમજ અમૃતલાલભાઈ પંડ્યા ખાસ ઉપસ્થિત રહેલ હતા તેમનું સંસ્થા વતી કિશોરભાઈ જે. જોશી, ભુપેન્દ્રભાઈ કે.પંડ્યાને હોદેદારો દ્વારા સાલ ઓઢાડી અને સન્માન કરવામાં આવેલ હતું. પ્રશાંતભાઈ પંડ્યા, સાલ ઓઢાડીને રાધિકાબેન પંડ્યાનુ ખેસ પહેરાવીને કિશોરભાઈ જોષી તથા મીનાબેન દવે દ્વારા જ્ઞાતિ વતી સન્માન કરવામાં આવેલ.

જ્ઞાતિમા સેવા આપનાર નવદુર્ગા મહિલા મંડળના બહેનો શિલ્પાબેન જે.પંડ્યા, વૈદાંગીબેન એસ. ત્રિવેદી, મિરાબેન એમ.દવે, હિમાબેન પી. પંડ્યા, કાજલબેન આર. દવે, કપિલાબેન કે.ભટ્ટ, અભિલાષાબેન એમ.જાની, દીપિકાબેન બી.પંડ્યા, કમળાબેન બી દવેનું સાલ ઓઢાડીને જ્ઞાતિ વડીલો વતી શ્રદ્ધાબેન વ્યાસ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. યજ્ઞની પુર્ણાહુતિ બાદ સર્વે જ્ઞાતિજનો એ સમૂહ ભોજન (પ્રસાદ )ગ્રહણ કરેલો હતો. તેમ સંસ્થા નાં મંત્રી એન.ડી. ત્રિવેદીની યાદીમાં જણાવેલ છે

# રિલાયન્સના ગ્રુપ પ્રેસિડન્ટન્ટ ધનરાજ નથવાણીનો આજે જન્મદિવસ



ધનરાજ નથવાણી ફોર્ચ્યુન-૫૦૦ કંપની ગણાતી તેમજ ભારતના ખાનગી ક્ષેત્રના સૌથી મોટા કોર્પોરેશન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં ગ્રુપ પ્રેસિડેન્ટનો હોદ્દો ધરાવે છે. કાપડ અને પોલિએસ્ટર કંપનીમાંથી રિલાયન્સ ઉત્ક્રાંતિ પામીને એનર્જી, મટિરિયલ્સ, રિટેલ, એન્ટરટેઈનમેન્ટ અને ડિજિટલ સેવાઓ સહિતના ક્ષેત્રોમાં કાર્યરત બનીને ટોચના ઉદ્યોગગૃહમાં પરીવર્તન પામી છે. રિલાયન્સની પ્રોડક્ટ્સ અને સર્વિસિસનો પોર્ટફોલિયો આર્થિક અને સામાજિક ફલક પર રોજિંદા જીવનમાં લગભગ તમામ ભારતીયને સ્પર્શે છે. રિલાયન્સે હવે એવા પ્લેટફોર્મ્સનું નિર્માણ કર્યું છે જેણે ચોથી ઔદ્યોગિક ક્રાંતિના નવા યુગનો પ્રારંભ કર્યો છે અને ભારત તેમજ તમામ ભારતીયો માટે તેમની સાચી ક્ષમતાને સાકાર કરવા માટેની તકો અને રસ્તાઓનું નિર્માણ કરશે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રિલાયન્સનું નાણાકીય પ્રદર્શનઃ ટર્નઓવર રૂ. ૧૦,૭૧,૧૭૪ કરોડ (US$ ૧૨૫,૩૨૦ મિલિયન) અને ચોખ્ખો નફો રૂ. ૮૧,૩૦૯ કરોડ (US$ ૯,૫૧૩ મિલિયન).ધનરાજ નથવાણી રિલાયન્સ કોર્પોરેટ IT પાર્ક લિમિટેડના ડાયરેક્ટર છે. RCITPL સપોર્ટ સર્વિસીઝ, IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ, ડેટા પ્રોસેસિંગ, હોસ્ટિંગ અને વેબ પોર્ટલ ડેવલપમેન્ટ જેવી સેવાઓ પૂરી પાડે છે. કંપની આ ગ્રુપ માટે રિયલ એસ્ટેટ હાયરિંગ અને સંચાલનને પણ સંભાળે છે.

ધનરાજ નથવાણી અત્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના જામનગર મેન્યુફેક્ચરિંગ ડિવિઝન તેમજ વડોદરા મેન્યુફેક્ચરિંગ ડિવિઝન ઉપરાંત ગુજરાતમાં રિલાયન્સ જિયોનો બિઝનેસ સંભાળે છે. તેઓ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ, પ્રોક્યોર્મેન્ટ એન્ડ કોન્ટ્રાક્ટ્સ, હ્યુમન રિસોર્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સિક્યોરિટી, કોર્પોરેટ અફેર્સ અને કંપનીના બંને મેન્યુફેક્ચરિંગ ડિવિઝનની CSR પ્રવૃત્તિઓ સંભાળી રહ્યા છે. તેઓ દિલ્હી અને મહારાષ્ટ્ર રાજ્ય સંબંધિત ચોક્કસ વધારાની જવાબદારીઓ પણ સંભાળી રહ્યા છે.

ધનરાજ નથવાણી રમતગમતમાં ઊંડો રસ અને રુચિ ધરાવે છે. તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (જી.સી.એ.)ના પ્રેસિડેન્ટ છે. અગાઉ ૨૦૧૩માં, અમિત શાહએ વર્ષ ૨૦૧૩માં જીસીએનો ચાર્જ લીધો હતો અને એસોસિયેશનના તત્કાલીન પ્રેસિડેન્ટ તરીકે તેમણે અમદાવાદમાં સમગ્ર વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ બાંધવાનું સ્વપ્ન સેવ્યું હતું અને કેટલાંક દૂરોગામી અસરો ધરાવતા નીતિ વિષયક ફેરફારો કર્યા હતા. તેમના અનુગામી તરીકે, ધનરાજ નથવાણીએ આ સ્વપ્નની પરિકલ્પનાને આગળ ધપાવી હતી અને તેને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જેની ફળશ્રુતિરૂપે આપણે આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જોઈ રહ્યા છીએ. ક્રિકેટ જગતમાં આ સ્ટેડિયમ એક બેનમૂન સ્થાપત્યનો દરજ્જો પ્રાપ્ત કરી ચૂક્યું છે.

ધનરાજ નથવાણી નીચે મુજબની સંસ્થાઓ/ બોર્ડમાં હોદ્દો ધરાવે છેઃ ઉપ-પ્રમુખ, દ્વારકાધીશ ટેમ્પલ એડમિનિસ્ટ્રેટિવ કમિટી, દ્વારકા, પ્રમુખ, જામનગર જિલ્લા ફૂટબોલ એસોસિયેશન, સભ્ય, ગુજરાત સ્ટેટ બોર્ડ ઓફ વાઈલ્ડલાઈફ, સભ્ય, નાથદ્વારા ટેમ્પલ બોર્ડ, સભ્ય, બોર્ડ ઓફ ગવર્નર્સ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, બોર્ડ મેમ્બર્સ અને ટ્રસ્ટી, ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઉપ-પ્રમુખ, યુનાઈટેડ નેશન્સ એસોસિયેશન, ગુજરાત, સભ્ય, ગર્વનિંગ બોર્ડ ઓફ ઓન્જી યુનિવર્સિટી, અમદાવાદ, સભ્ય, બોર્ડ ઓફ ગવર્નર્સ, ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ઉપ-પ્રમુખ, સુદામા સેતુ સેવા સોસાયટી, દ્વારકા, સભ્ય, હાઈ પાવર કમિટી ઓફ જીઓજી, ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશનલ કોલેજી ઓર ઈન્સ્ટિટ્યૂશન્સ (પ્રોસિજર ફોર ડિક્લેરેશન ઓફ રેન્ટર ઓફ એક્સેલન્સ), સભ્ય, કારોબારી સમિતિ, ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી, સભ્ય, ગર્વનિંગ કાઉન્સિલ ઓફ જયસુખલાલ વાઢેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, શ્રી શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા

શિક્ષણઃ ધનરાજ નથવાણી રિજન્ટ્સ બિઝનેસ સ્કૂલ ઓફ લંડન (યુ.કે.)માં ઈન્ટરનેશનલ બિઝનેસનો અભ્યાસ કરી ચૂક્યા છે. તેમણે પોતાનું માસ્ટર્સ ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમબીએ) કોર્પોરેટ લૉ તેમજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાંથી પબ્લિક રિલેશનસ મેનેજમેન્ટમાં સ્પેશિયલાઈઝેશન સાથે પૂર્ણ કર્યું છે.

# જામનગર સિંધી સમાજના પ્રમુખ ઉધવદાસ ચંદિરામાણી તથા ચેરમેન તરીકે પરમાનંદ ખટ્ટરની નિયુક્ત

જામનગર : જામનગર સિંધી સમાજ દ્વારા આગામી ત્રણ વર્ષ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. ગત ૩૧ જાન્યુઆરીના રોજ યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સમાજના વિકાસ અને સંગઠનને વધુ મજબૂત કરવાના સંકલ્પ સાથે નવી ટીમની જાહેરાત કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન પ્રમુખ પદ માટે છેલ્લા ચાર દાયકાઓથી વિવિધ સંસ્થાઓમાં હોદ્દેદાર હોવા છતાં હંમેશા 'સામાન્ય સેવક' બનીને કાર્યરત રહ્યા છે. જેમની બહુમુખી પ્રતિભા અને નિઃસ્વાર્થ સેવાભાવનાને ધ્યાને રાખીને સમાજે તેમના નામ પર સર્વાનુમતે





મહોર લગાવી સાથ-સહકારની ભાવના સાથે સર્વ સંમતિ સાધવામાં આવી હતી. જેના પરિણામે ઉધવદાસ ભૂગડોમલ ચંદિરામાણીની પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. અને સમાજના વડીલ મુરબ્બી અને ગુજરાત રાજ્ય સરકારના પૂર્વ મંત્રી પરમાનંદભાઈ ખટ્ટરની 'ચેરમેન' પદે પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે. જેમણે દાયકાઓથી જામનગરથી લઈ અખિલ ભારતીય સિંધી સમાજ સુધી જેમણે પોતાની નિષ્ઠાવાન સેવાઓ આપી છે, તેવા પરમાનંદભાઈનું માર્ગદર્શન આગામી સમયમાં સમાજને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

આ નવી નિમણૂક બાદ બન્ને અનુભવી અને સેવાના ભેખધારી હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય ઉદ્દેશ્ય સિંધી સમાજમાં એકતા જાળવી રાખવાનો અને યુવા પેઢીને સમાજના ઉત્થાન માટે જોડવાનો છે. શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક સુરક્ષાના ક્ષેત્રોમાં જામનગર સિંધી સમાજ અગ્રેસર રહે તે માટે અમે કટિબદ્ધ છીએ. આ વરણીને જામનગરના સમગ્ર સિંધી સમાજે નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી છે.

# જામનગરમાં સમસ્ત જૈન સમાજ ક્રિએટીવ ગ્રુપ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

જામનગર : જામનગર શહેરના સમસ્ત જૈન સમાજના જૈન યંગ ક્રિએટીવ ગ્રુપ દ્વારા આયોજીત તા. ૨૯, ૩૦, ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ સુમેર સ્પોર્ટ્સ કલબ, જામનગર ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. જેના આયોજક દર્શનભાઈ શેઠ, દર્શનભાઈ વોરા અને ધન્યભાઈ શાહ તેમજ ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર પરાગભાઈ નાથાલાલ હરીયાના સહયોગથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું.

જે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૬ ક્રિકેટ ટીમો દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. જે ક્રિકેટ ટુર્નામેન્ટમાં અતિથી વિશેષ તરીકેમેયર ક્રિષ્નાબેન સોઢા, ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી નિલેશભાઈ કગથરા, શહેર અધ્યક્ષ બિનાબેન કોઠારી, સુમેર સ્પોટર્સ કલબના પ્રમુખ રાજુભાઈ શેઠ,



ચેતનભાઈ શાહ, ભરતભાઈ પટેલ, અજયભાઈ શેઠ, સુશીલભાઈ કામદાર, અશ્વીનભાઈની તથા વિવિધ જ્ઞાતિઓના પ્રમુખો અને કમિટી સભ્યો દ્વારા આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હાજરી આપી હતી.

આ ટુર્નામેન્ટમાં જૈન સમાજના લોકો તથા અન્ય સમાજના લોકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત થઈને ક્રિકેટ ટુર્નામેન્ટના ફાઈનલ મેચમાં ચેરમેન ઈલેવન અને ફેન્ટમ ઈલેવન વચ્ચેના રોમાંચક મેચ રમાયેલ હતો, જેમાં ચેરમેન ઈલેવન ટીમના કોચ ચેરમેન નિલેશભાઈ કગથરા અને કેપ્ટન જતીનભાઈ મહેતાના નેતૃત્વ હેઠળ ટીમનું સંચાલન કરવામાં આવેલ અને ટુર્નામેન્ટના ફાઈનલમાં ચેરમેન ઈલેવન ટીમનું ૨૩ રનથી ટુર્નામેન્ટમાં વિજય થયેલ હતી. આ ફાઈલન મેચમાં મેન ઓફ ધી મેચ ચેરમેન ઈલેવન ટીમના રાકેશભાઈ પઢીયાર બન્યા હતા.

# દેવભૂમિ દ્વારકામાં 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ'માં સર્જાયો ભક્તિનો અનેરો સંગમ

## ગુરુદેવ સ્વામી અશોકાનંદજી પોતાની ઓજસ્વી વાણીમાં કરાવી રહ્યા છે કથાનું રસપાન





તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : રાજાધિરાજ ભગવાન શ્રીકૃષ્ણની પવિત્રભૂમિ દ્વારકાના આંગણે શ્રી કૃષ્ણાયન દેશી ગૌ રક્ષા સમિતિ અને ભાગીરથીધામ આશ્રમ-હરિદ્વાર દ્વારા દિવ્ય શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ ત્રણ દિવસ દરમિયાન ભક્તિનો અનેરો સંગમ સર્જાયો છે. હજુ આ કથા તા.૮ ફેબ્રુઆરી સુધી ચાલવાની છે.

ઉત્તરાખંડની સૌથી મોટી ગૌશાળા 'શ્રી કૃષ્ણાયન ગૌરક્ષા શાળા' જ્યાં ૨૫ હજારથી વધુ ગાયોની સેવા થઈ રહી છે. જેના લાભાર્થે દ્વારકાના નાગેશ્વર રોડ પર આવેલા શ્રી સ્વામિનારાયણ આશ્રમ ખાતે તા.૨થી કથારૂપી આધ્યાત્મિક મહોત્સવ શરૂ થયો છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી આ જ્ઞાનયજ્ઞ ચાલવાનો છે. હરિદ્વાર-ઋષિકેશથી પધારેલા ગુરુદેવ સ્વામી અશોકાનંદજી (સ્વામી અમૃત પ્રકાશજી) પોતાની ઓજસ્વી વાણીમાં દરરોજ સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ વાગ્યા સુધી કથાનું રસપાન કરાવી રહ્યા છે.

કથા દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં તા.૫ના રોજ શ્રી કૃષ્ણ જન્મોત્સવ, તા.૬ના રોજ શ્રી કૃષ્ણ બાળલીલા, પૂતના ઉદ્ધાર, ગોવર્ધન લીલા, તા.૭ના રોજ ગોપીગીત, રાસલીલા, કંસ ઉદ્ધાર, તા.૮ના રોજ રૂકમણી વિવાહ, ભક્ત સુદામા ચરિત્ર યોજાશે. અહીં કથામાં ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરાઈ છે.

આ ઉપરાંત, બહારગામથી આવતા ભક્તો માટે રહેવા અને જમવાની ઉત્તમ વ્યવસ્થા સમિતિ દ્વારા કરવામાં આવી છે. આ આયોજનનો મુખ્ય હેતુ ગૌમાતાની રક્ષા અને સંત સેવા છે. ત્યારે ભક્તોને આ જ્ઞાનગંગામાં ડૂબકી લગાવી તન, મન અને ધનથી ગૌસેવામાં સહભાગી થવા અપીલ કરી છે. તેમજ દ્વારકાવાસીઓ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ધર્મપ્રેમી લોકોને કથાનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવાયું છે.

કથાની સાથે સાથે રાત્રિના સમયે ભક્તિમય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરાયું છે. જેમાં આજ ૫ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ કલાકે ધ્યાની દવે દ્વારા ક્લાસિકલ નૃત્ય પ્રસ્તુતિ દ્વારા નૃત્ય ભક્તિ તેમજ ૬ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯ વાગ્યે જયશ્રી દાસ માતાજીના સ્વરે ભજન-સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

# જામનગરમાં પરિણીતાને પતિએ મારકૂટ કરી વ્યાભિચાર કરવા દબાણ કર્યું

જામનગર : જામનગરમાં ગુલાબ નગર નજીક યોગેશ્વર નગર શેરી નંબર -૨ માં રહેતી એક પરણીતાએ પોતાના પતિ જયેશ લાલજીભાઈ પરમાર સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં પોતાને માર મારી અન્ય મિત્ર સાથે વ્યભિચાર કરવા માટે દબાણ કર્યા ની ફરિયાદ નોંધાવી છે. જે મામલે સિટી એ. ડિવિઝનના એએસઆઈ આર. એ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ફરિયાદી યુવતી કે જેના અ બીજા લગ્ન થયા છે. અગાઉ તેના છૂટાછેડા થઈ ગયા બાદ આજથી ચાર મહિના પહેલા આરોપી જયેશ લાલજી પરમાર સાથે બીજા લગ્ન કર્યા હતા, પરંતુ બંને વચ્ચે મનમેળ ચાલતો ન હતો. અને યુવતી ઘર છોડી ને ચાલી ગઈ હતી. દરમિયાન આરોપી સમજાવટ કરીને મહિલાને પોતાના ઘેર પરત આવ્યો હતો, અને મારકુટ કરી પોતાના અન્ય મિત્ર સાથે વ્યભિચાર કરવા દબાણ કર્યું હતું, અને મારઝુડ કરી હોવાથી તેણીએ પોતાને થયેલી ઈજા સબબ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવ્યા બાદ પોલીસનો સંપર્ક કર્યો હતો, અને પતિ સામે ફરિયાદ નોંધાવી છે. આ બનાવને લઈને ચકચાર જાગી છે.

# અવસાન નોંધ

**જામનગર :** મૂળ ભલસાણ બેરાજા હાલ રાજકોટ નિવાસી સ્વ.લલિતાબેન પ્રવિણભાઈ ટંકારીયા તથા સ્વ.પ્રવિણભાઈ પ્રેમજીભાઈ ટંકારીયાનું બેસણું તા.૫ના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. તે સ્વ. ગુણવંતભાઈ ના ભાઈ, ભાભી તથા સ્વ. બીનાબેન મહેશકુમાર ફુમકીયા, કેતનભાઈ, મનીષભાઈના માતા/પિતા અને ધ્રોલવાળા ભગવાનજીભાઈ સવજીભાઈ સોલંકીના દીકરી/જમાઈ, પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. સ્થળઃ નીલકંઠ મહાદેવ મંદિર, ભારતી નગર-૪ કોર્નર- રાજકોટ.

# હાલારમાં વીજ બિલ નહિ ભરનાર ૪૬૨ ગ્રાહકોના કનેક્શન કટ

## બન્ને જિલ્લાના ૯૦૫૭૯ બાકીદારોની લેણી રકમ રૂ. ૩૯.૪૦ કરોડની વસૂલાત કરવા ૧૨૦ ટિમો દોડાવાઈ

જામનગર : જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી દ્વારા હાલારના બન્ને જિલ્લાઓમાં બાકી રહેતા નાણાની વસુલાત માટેની કડક કામગીરી હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે ૪૬૨ વીજ જોડાણ કટ કરવામાં આવ્યા છે. હજુ ૩૯ કરોડથી વધુની રકમ બાકી હોવાથી કુલ ૧૨૦ થી વધુ ટીમોને દોડતી કરાવાઈ છે.

પીજીવીસીએલ - જામનગર વર્તુળ કચેરી હેઠળના જામનગર જીલ્લા તથા દેવભૂમી દ્વારકા જીલ્લાના વીજ ગ્રાહકોને જણાવાયું છે કે, હાલ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ફેબ્રુઆરી-૨૦૨૬ દરમ્યાન વીજ બીલ પેટે ૧૧૪૦૮૦ બકીદારોની રૂ. ૫૧.૫૮ કરોડ જેટલી માતબર રકમની વસૂલાત બાકી છે. જેથી બાકી બીલની રકમ વાળા ગ્રાહકો સામે ચાલુ માસમાં જ નાણાની વસૂલાત કરવા માટે ખૂબ જ કડકાઈથી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે,


તસવીર: સુનિલ ચુડાસમા

જે અંગે વીજ જોડાણો કાપવા માટે હાલમાં દૈનિક ધોરણે ૧૨૦ થી વધુ ટીમો બનાવી મીટર તથા સર્વિસ કે જરૂર પડયે ટીસી ઉતારી લેવા માટે બંને જીલ્લામાં ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ફેબ્રુઆરી-૨૦૨૬ દરમ્યાન કુલ ૨૩૦૩૯ ગ્રાહકો દ્વારા વીજ બીલના રૂ. ૧૧.૦૬ કરોડ ભરપાઈ કરી આપેલ છે, તેમજ કુલ ૪૬૨ જેટલા ગ્રાહકો કે જેના બાકી લહેણાં રૂ. ૧.૧૨ કરોડ ભરપાઈ ન થતાં તેઓના વીજજોડાણો કાપી નાખવામાં આવેલ છે. અને હજુ બાકી રહેલ ૯૦૫૭૯ બાકીદારો ની લેણી રકમ રૂ. ૩૯.૪૦ કરોડની સામે વસૂલાતની કામગીરી ચાલુ રાખવામાં આવશે અને ચાલુ માસમાં રકમ ભરપાઈ ન કર્યે કંપનીના પ્રવર્તમાન નિયમોનુસાર વીજજોડાણ રદ કરવામાં આવશે.

જેથી વીજ બીલના નાણાની કેશલેસ ચુકવણી કરવા અંગે કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલ વિવિધ માધ્યમોથી પણ ગ્રાહકો વીજ બીલની ચુકવણી કરી શકે છે જેમ કે, ઈ.સી.એસ. , ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ (કંપનીની વેબસાઈટ WWW.PGVCL.COM., પીજીવીસીએલની પેટાવિભાગીય કચેરી ખાતેના ડ્ડજી મશીન દ્વારા, કંપનીની વેબસાઈટ WWW.PGVCL.COM મારફત UPI મોડથી, ઈન્સ્ટા પેમેન્ટ/ઈ-વોલેટ, ગ્રાહકોની સંલગ્ન બેંકની વેબસાઈટ મારફત, એ.ટી.એમ. મશીન (HDFC / ICICI / BOB બેંકો ના), અથવા RTGS/NEFT. નો સમાવેશ થાય છે.તેમ અધિક્ષક ઈજનેર પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# કલ્યાણપુરના પટેલકા ગામે રૂપિયાની લેતીદેતીના પ્રશ્ને યુવાન પર કુહાડી વડે હુમલો

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામમાં રહેતા યુવાન ઉપર પિતા અને બે પુત્રોએ રૂપિયાની લેતીદેતીના પ્રશ્ને કુહાડી વડે હુમલો કરી માથા સહિતના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના પટેલકા ગામમાં રહેતા હરદેવભાઈ રણમલભાઈ ચાવડા નામના ૩૦ વર્ષના યુવાન ઉપર ગામમાં જ રહેતા પ્રતાપ હરદાસભાઈ પરમાર, ભીખા હરદાસભાઈ પરમાર, હરદાસ પુનાભાઈ પરમાર નામના પિતા - પુત્રોએ ગાળો કાઢી કુહાડી વડે હુમલો કરી માથાના તથા ડાબા પગમા ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાન દ્વારા ત્રણેય સામે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામા આવી છે. ઈજાગ્રસ્ત યુવાનને પ્રવીણભાઈ મેઘાભાઈ ચાવડા સાથેની રૂપિયાની લેતીદેતી હોઈ આ કારણે ડખ્ખો થયો હતો.

# જામનગરમાં ડબલ મર્ડર અને ફાયરિંગ કેસમાં ૨૦ વર્ષથી ફરાર આરોપીને ઝડપી ઉત્તર પ્રદેશથી ઝડપેયી

## પોલીસ ટીમેં વેશ પલટો કરીને બે દિવસની રેકી કર્યા બાદ આરોપીને શકંજામાં લીધો

જામનગર : જામનગરમાં અંબર સિનેમા રોડ પર પંચરત્ન કોમ્પ્લેક્સમાં ૨૦ વર્ષ પહેલા ડબલ હત્યાની ઘટના બની હતી, જે અંગે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો, જે ગુનામાં ૨૦ વર્ષથી નાસ્તા ફરતા આરોપીને જામનગર પોલીસે ઉત્તર પ્રદેશમાં ધામા નાખી, વેશ પલ્ટો કરીને બે દિવસની રેકી કર્યા બાદ ઝડપી લીધો હતો, અને જામનગર લઈ આવી ઘનિષ્ટ પૂછપરછ હાથ ધરી છે.



જામનગરમાં અંબર સિનેમા રોડ પર પાંચ રત્ન કોમ્પ્લેક્ષ માં ગત તારીખ ૧૩.૬.૨૦૦૬ ના રોજ 'દીપાલી એન્ટરપ્રાઈઝ'ની ઓફિસમાં ઉઘરાણીના મામલે થયેલા વિવાદમાં અંધાધૂંધ ફાયરિંગ થયું હતું, જેમાં રમેશચંદ્ર દિનદયાલ અગ્રવાલ અને આલાભાઈ કમાભાઈ રબારીના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ અંગે સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૩૦૨,૩૦૭, ૧૨૦(બી) આર્મ્સ એકટ કલમ ૨૫(૧) બીએ મુજબનો ગુનો નોંધાયો હતો.

જે ગુના બાબતે રાજકોટ રેન્જના આઈ.જી.પી. અશોકકુમાર યાદવ અને એસ.પી. ડો. રવિ મોહન સૈનીની સુચના તેમજ શહેરના નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ આરોપીઓને પકડવા માટે એસ.આઈ.ટી. ટીમ ની રચના કરવામાં આવી હતી.

જેમાં સીટી-બી પો.ઈન્સ.પી.પી. ઝા અને, ત્રણ પો.સ.ઈ. એમ.વી. મોઢવાડીયા, એમ.વી.ભાટીયા, પી.એન.મોરી સાથે એક એસ.આઈ.ટી. ટીમ ની રચના કરવામાં આવી હતી.

જે ગુન્હાના આરોપીઓને પકડી પાડવા એસ.આઈ.ટી. ની ટીમ પો.સબ ઈન્સ. એમ.વી. મોઢવાડીયાના નેતૃત્વમાં પો.હેડ કોન્ટેબલ દશરથસિંહ તથા પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ વાઢેર, સાજીદભાઈ બેલીમ વગેરેને માહીતી મળેલ કે આ કેસનો ફરારી આરોપી જીતેન ઉર્ફે જીતેન્દ્ર ઉર્ફે જીતુ રમેશન્દ્ર ગુપ્તા ઉર્ફે પવનકુમાર રહે. અજીતમલ જી. ઓરૈયા રાજ્ય ઉત્તર પ્રદેશ વાળા ગામમાં સાંઈબાબાના મંદિર પાસે પોતાનું નામ બદલી ને રહે છે.

જેથી લાંબા સમય સુધી ટેકનીકલ તપાસ કર્યા બાદ, ટીમના સભ્યોએ પોતાનો વેશ પલટો કરીને ૨ દિવસ સુધી સર્વેલન્સ તથા રેકી કરતાં જાણવા મળલું કે આરોપી પોતાના અલગ-અલગ નામનો ઉપયોગ કરી પોતાની ઓળખ છુપાવીને રહે છે, જેથી આરોપીને સાચી ઓળખ કરીને પકડી પાડી જામનગર લઈ આવી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# જામજોધપુર પંથકમાંથી ખનીજ ચોરી કરતા છ વાહનો અને મશીનરી સીઝ

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાંથી ગેરકાયદે ખનીજ ચોરી કરી રહેલ એક હિટાચી અને પાંચ ડમ્પર ભૂસ્તર શાસ્ત્રી કચેરીના સ્ટાફ દ્વારા સીઝ કરવામાં આવ્યા હતા.

જામજોધપુર તાલુકાના લાલવાડી નેસ, સતાપર ઉદેપુર રોડ ગામમાંથી અવાર નવાર મોરમ - ખનીજના બિનઅધિકૃત ખનનની ફરિયાદ મળતા ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી જામનગરની તપાસ ટીમ દ્વારા ગત તા.૩/૨ ના રોજ આકસ્મિક રીતે તપાસ કરતા એક હિટાચી તથા પાંચ ડમ્પર દ્વારા સરકારની કોઈપણ પ્રકારની પરવાનગી વગર બિનઅધિકૃત રીતે ખનન અને વહન કરવા બદલ પકડી પાડવામાં આવ્યા હતા. અને પરડવા ગામમાં લિઝ ખાતે કસ્ટડી સોંપેલ છે, તેમજ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે.



તસવીર: સુનિલ ચુડાસમા

સીઝ કરાયેલા વાહનોમાં હિટાચી (વાહન માલીક - રૂડાભાઈ હમીરભાઈ બઢ), ડમ્પર નંબર- જીજે-૧૦-ટીવી -૫૪૧૯ (વાહન માલીક- મયુરભાઈ ઓડેદરા), ડમ્પર નંબર - જીજે-૨૫-યુ-૯૦૮૯ (વાહન માલીક- કરણભાઈ જેશાભાઈ રાતીયા), ડમ્પર નંબર - જીજે-૧૦-ટીવી-૧૧૧૭ (વાહન માલીક- ભરતભાઈ બાપોદરા), ડમ્પર નંબર - જીજે-૧૨ એવી-૯૨૩૦ (વાહન માલીક- બાપોદરા વિરમભાઈ નાથાભાઈ) , ડમ્પર નંબર પ્લેટ વગર જેના ચેસીસ નંબર - જીજે-૨૫-યુ -૭૧૨૮ (વાહન માલીક- રામભાઈ વિરમભાઈ બાપોદરા) નો સમાવેશ થાય છે. કુલ મુદામાલ આશરે ૧.૫૦ કરોડ રૂપિયાનો મુદામાલ સ્થગિત કરવામાં આવ્યોં છે. આ કામગીરી સ્ટાફના નિખિલભાઈ, આનંદભાઈ, રમેશભાઈ, ભાવેશભાઈ, નૈતિક ભાઈ, રજનીકાંતભાઈ વગેરે એ કરી હતી.

# જામનગરમાં અડધી રાત્રે દેકારા સાથે બેફામ ડ્રાઈવિંગ કરતી ટોળકીનો ત્રાસ

જામનગર : જામનગરમાં મોડી રાત્રે બેફામ ડ્રાઈવિંગ કરતી ધૂમ ગેંગ સક્રીય થઇ હોવાનું ચિત્ર ઉપસ્યું છે. ગત મંગળવારે રાત્રે ૧ વાગ્યા પછી કેટલાક શખ્સો ટુ-વ્હીલર પર બેફામ ડ્રાઈવિંગ કરતા તથા દેકારો બોલાવતા વિવિધ રસ્તાઓ પરથી પસાર થતા શહેરીજનો ભયમાં મૂકાયા હતાં.

પંચેશ્વર ટાવર, સત્યનારાયણ મંદિર રોડ, હવાઈ ચોક વગેરે વિસ્તારોમાંથી સંખ્યાબંધ ટુ-વ્હીલર પર એક ટોળકી ચિચિયારો પાડતા અને બેફામ ડ્રાઈવિંગ કરતી નીકળી હતી. સ્પીડ બ્રેકર પણ ઠેકાડતા આ બેફામ વાહન ચાલકોએ પોતાની સાથે જ અન્ય લોકોનો જીવ પણ જોખમમાં મૂક્યો હતો. આ લોકોને જાણે પોલીસ કે કાયદા વ્યવસ્થાનો કોઈ ડર ન હોય એમ અડધી રાત્રે દેકારો બોલાવતા ઓવર સ્પીડમાં રસ્તાઓ પરથી પસાર થયા હતાં. જે અંગેનાં વિડીયો પણ સોશ્યલ મિડીયામાં વહેતા થયા છે.


તસવીર: સુનિલ ચુડાસમા

ત્યારે લોકોની સલામતિને જોખમમાં મૂકતા આ લોકો વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરે તથા શહેરમાં વિવિધ પોઇન્ટ પર લગાવેલા ૪૪૬ કેમેરાઓને તપાસી આ ધૂમ ગેંગનું પગેરૂ દબાવી કાર્યવાહી કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

# જામનગરમાં યુવાન ઉપર અગાઉના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સોનો પાઈપ વડે પ્રહાર

જામનગર : જામનગરના લાલબંગલા સર્કલ પાસે કાર પાર્ક કરતી વેળાએ એક યુવાન ઉપર અગાઉના ઝગડાનો ખાર રાખીને મોટરસાયકલ ઉપર બેસી આવેલા ત્રણ શખ્સે લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી તેમજ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

ખંભાળિયા તાલુકાના સુતારીયા ગામમાં રહેતા દિવ્યેશ મેરામણભાઈ ગોજીયા નામના ૨૩ વર્ષના યુવાન ઉપર નાઘેડી ગામે રહેતા કિશન રબારી અને બે અજાણ્યા શખ્સોએ લોખંડના પાઈપ વડે ફટકારી માથાના ભાગે થતા ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હોઈ આથી તેણે કિશન રબારી સહિતના શખ્સો સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હુમલાનો ભોગ બનનાર દિવ્યેશ ગોજીયા અને કિશન રબારી વચ્ચે અગાઉ ઝગડો થયો હતો જે બાબતનો ખાર રાખી દિવ્યેશ જ્યારે લાલબંગલા સર્કલ ખાતે આવેલ વીજતંત્રના કાર્યાલય પાસે પોતાની સ્વિફ્ટ કાર પાર્ક કરતો હોય આ વેળાએ કિશન અને તેની સાથેના શખ્સોએ મોટરસાયકલમાં આવી નીચે ઉતરી ગાળો કાઢી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી પ્રહાર કર્યો હોવાનું પોલીસ દફતરે ફરિયાદમાં જાહેર થયું છે.

# જામનગરના બેડી વિસ્તારમાં વાહન ચાલકે સીસીટીવી કેમેરા અને પોલ તોડી નાખતા શોધખોળ

જામનગર : જામનગરના બેડી વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજ ઉત્તરરતાની સાથે વાલસુરા રોડ પર લગાવવામાં આવેલા જામનગર પોલીસ વિભાગના સીસીટીવી કેમેરા સાથેના પોલને કોઈ અજાણ્યા વાહનના ચાલકે ટક્કર મારી દઈ સરકારી મિલકતને નુકસાન પહોંચાડયાની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગરના બેડેશ્વરના રેલવે ઓવરબ્રિજથી ઉતરતાની સાથે વાલસુરા તરફ જવાના માર્ગે પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગ હસ્તક લોખંડના પોલ લગાવીને સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે, જે સ્થળે પરમદિને કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે પોતાનું વાહન બેદરકારી પૂર્વક ચલાવી સીસીટીવી કેમેરા લગાવેલા લોખંડના પોલને ટક્કર મારી દીધી હતી, જેથી લોખંડના પોલ તેમજ સીસીટીવી કેમેરા વગેરેને કુલ ૩૬,૫૩૬ નું નુકસાન થયું હતું.



તસવીર: સુનિલ ચુડાસમા

આ બનાવ અંગે પોલીસના નેત્રમ વિભાગના એએસઆઈ પરેશભાઈ અમૃતલાલ ખાણધરે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક સામે સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા અંગે ફરિયાદ નોંધાવી છે. જે વાહન ચાલકની શોધખોળ ચલાવાઈ રહી છે.

# ખંભાળિયાના હત્યા કેસમાં સજા પામેલ કેદી પેરોલ પર ફરાર થઈ જતા ઝડપાયો

જામનગર : જામનગરમાં સેટેલાઈટ પાર્ક વિસ્તારમાં રહેતા એક શખ્સને હત્યા કેસમાં સજા પડ્યા બાદ પેરોલ જમ્પ કરી નાશી ગયો હતો જેને પોલીસે ફરી ઝડપી લીધો છે.



જામનગરમાં સેટેલાઈટ પાર્ક વિસ્તારમાં રહેતા સબીર મિયાં અઝીઝમીયા સૈયદ (૫૦) કે જેને ખંભાળિયાના હત્યાના એક ગુનામાં ૨૦ વર્ષની જેલ સજા ફટકારવામાં આવી હતી, અને પોતે વડોદરાની જેલમાં પાકા કામના કેદી તરીકે જેલવાસ ભોગવતો હતો.

દરમિયાન તેને ૧૬,૧૦.૨૦૨૫ થી ૩૧.૧૦.૨૦૨૫ સુધી ૧૪ દિવસ માટે પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો હતો, અને પોતાની મુદત પૂરી થઈ ગયા બાદ ફરીથી જેલમાં હાજર થયો ન હતો, અને નાસ્તો ફરતો રહ્યો હતો. ઉપરોક્ત ફરારી આરોપી જેને પોલીસ શોધી રહી હતી, દરમિયાન ગઈકાલે જામનગર જિલ્લાના ધ્રોલ પંથકમાં પોતે આવ્યો હોવાની બાતમીના આધારે ધ્રોલ પોલીસે વોચ ગોઠવી ઝડપી લીધો હતો, અને તેને ફરીથી વડોદરા ની જેલમાં મોકલી આપ્યો છે.

# જામનગરમાં યુવાન પર છરી વડે હુમલો કરી લૂંટી લેનાર બેલડી ઝડપાઈ, ત્રીજાની શોધખોળ

જામનગર : જામનગરમાં ખોડીયાર કોલોની નજીક મયુર નગર વિસ્તારમાં રહેતા એક વાણંદ યુવાનને માર મારી રોકડ રકમની લૂંટ ચલાવાઈ હતી, જે લૂંટની ઘટનાનો ભેદ એલસીબીની ટુકડીએ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે, અને બે નામચીન લૂંટારું શખ્સોને ઝડપી લીધા છે, જ્યારે ત્રીજા સાગરીતની શોધખોળ હાથ ધરી છે.

જામનગરમાં યાદવનગર વિસ્તારમાં રહેતા અને વાણંદ કામ કરતા રમેશ દિનેશભાઈ જગતિયા, કે જે ગઈકાલે મયુર નગર વિસ્તારમાંથી રાત્રિના અરસામાં પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ત્રણ અજાણ્યા શખ્સોએ આવીને તેને મારઝુડ કરી હતી, અને હાથમાં છરી વડે હુમલો કરી દીધો હતો, તેમજ તેના ખિસ્સા માંથી રૂપિયા ૧,૮૦૦ ની રોકડ રકમ સાથેનું પાકી ઝુંટવી લઈ ભાગી છુટ્યા હતા.


તસવીર: સુનિલ ચુડાસમા

જે બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતાં એલસીબીની ટુકડીએ તપાસમાં ઝુકાવ્યું હતું. જેમાં ચોક્કસ માહિતીના આધારે જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અલબાઝ ફારુકભાઈ કટારીયા તેમજ વાઘેર વાસમાં રહેતા મોઈન સબીરભાઈ નામના બે શખ્સોને અટકાયતમાં લઈ લીધા છે, જ્યારે તેઓની સાથે સંકળાયેલા મિતેષ સાગઠીયા કે જે ભાગી છૂટ્યો હોવાથી પોલીસ તેને શોધી રહી છે.

પકડાયેલા બંને આરોપીઓ પાસેથી રૂપિયા ૧,૮૦૦ ની રોકડ રકમ, એક મોબાઈલ ફોન અમે છરી વગેરે કબજે કરી લીધા છે. બંને આરોપીઓ પૈકી અલબાઝ સામે જામનગર ના જુદા જુદા પોલીસ મથકમાં નવ જેટલા લૂંટ ચોરી સહિતના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

# ઓખામાં હૃદયરોગના હુમલાથી માછીમાર વૃદ્ધનું મોત

દ્વારકા : ઓખાના દરિયાઈ વિસ્તારમાં એક માછીમાર વૃદ્ધનું બોટની કેબિનમાં આરામ કરતી વેળાએ એકાએક હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજતા આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ આગળની તપાસ આરંભી હતી.

મળતી વિગત મુજબ ઓખાના આર. કે. બંદર ખાતે રહેતા રમેશભાઈ ભુલાભાઈ હળપતી નામના ૬૧ વર્ષના વૃદ્ધ ગત તારીખ ૩ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સમયે ઓખાથી ૧૧ નોટિકલ માઈલ દૂર દરિયામાં બોટની કેબિનમાં આરામ કરતા હોય દરમિયાન અચાનક તેઓનું ખેંચ આવી અને હૃદય બેસી જતા મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસને રાજેશભાઈ ભુલાભાઈ ટંડેલ દ્વારા જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે દોડી જઇ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી આરંભી હતી.

# ખંભાળિયાના સુતારીયા ગામે ખેંચની બિમારીએ યુવતીનો જીવ લીધો

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના સુતારીયા ગામમાં રહેતી એક યુવતીનું ખેંચની બિમારી સબબ મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાબેના સુતારીયા ગામમાં રહેતી સવિતાબેન કેશુભાઈ ચૌહાણ નામની યુવતીને છેલ્લા દસેક વર્ષથી ખેંચની બિમારી હોઈ જેની દવા પણ ચાલુ હતી દરમિયાન ગઈકાલે પોતાના ઘરે અચાનક ખેંચ આવતા તેણીને તાત્કાલિક બેભાન અવસ્થામાં સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેણીને મૃત ઘોષિત કરી હતી.

આ બનાવ અંગે ખંભાળિયા પોલીસમાં કેશુભાઈ ધનાભાઈ ચૌહાણ દ્વારા જાણ કરવામાં આવતા હે.કો. બી.એમ. ગોજીયા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# ખંભાળિયામાં ઈંગ્લિશ દારૂના ગુન્હામાં નાસ્તો ફરતો શખ્સ ઝડપાયો

ખંભાળિયા : ખંભાળિયા પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ દારૂબંધીના ગુન્હામાં નાસ્તા ફરતા એક શખ્સને એલસીબી પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયામાં ગાયત્રીનગર, પોલીસ લાઈન પાછળ રહેતા ધવલ હરિ ઉર્ફે હલધોર માયાણી નામના શખ્સ સામે દારૂબંધી ધારા હેઠળ અગાઉ પોલીસ દફતરે ગુન્હો દાખલ થયો હોય અને તે ગુન્હામાં નાસ્તો ફરતો હોય દરમિયાન પોલીસે બાતમીના આધારે ગામમાંથી જ ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.